
પવિત્ર શાસ્ત્ર.

વિદ્યાર્થીઓની પુસ્તકશાળા.



"તારા શબ્દો નો પ્રવેશ તેજ આપે છે"


નવો કરાર સાબ્બાથ.

પ્રસિદ્ધ કર્તા

ઇન્ટર નેશનલટ્રેક શોસાયેટી.

૧૭ એબોટ રોડ, લખનૌ

નવો કરાર સાબ્બાથ.



"તારે છ દિવસ શ્રમ લેવો" "પરંતુ સાતમો દિવસ સાબ્બાથછે."

જ્યારે દુનીઆ પેદા થઈ ત્યારે સાબ્બાથ થઈછે. અને પછી જ્યારે, સીનાઈ પર્વત ઉપર, પ્રભુએ લોકોને દશ આજ્ઞાઓ આપી, અને તેમને પત્થરનાં મેજો ઉપર લખી, ત્યારે તેમાં સાબ્બાથ મુખ્ય હતી. આ સાબ્બાથની આજ્ઞા પ્રભુના શબ્દોની કાયદા બુકમાં ત્યારથી કાયમ રહીછે.

પરંતુ કેટલાક કારણને લીધે, ઘણાલોકો, અઠવાડીઆનો પહેલો દિવસ રવિવાર, અઠવાડીઆના સાતમા દિવસ શનિવારને બદલે પાળેછે. તેઓ આ પ્રમાણે શામાટે કરેછે. ? તેઓને આ ફેરફાર કરવામાટે શું હક છે ? મહોટા કાયદા આપનાર તે શા પ્રમાણે ગણેછે ?

જ્યારે રાજ્યમાં કોઈપણ કાયદા બદલાવમાં આવે છે, અથવા તો તે નાબુદ કરવામાં આવેછે, ત્યારે કાયદા બુકમાં તેની નોંધ લેવામાં આવેછે. જો પ્રભુએ પોતાનો કાયદો બદલાવ્યો હોત તો તેણે પોતાના શબ્દોની કાયદા

બુકમાં તેની નોંધ ખચીત આપી હોત; પરંતુ શાસ્ત્રની અંદર કોઈપણ જગ્યાએ આ નોંધ લીધેલી માલુમ પડતી નથી.

શિષ્ય પોલ કહેછે કે, "જેટલાએ નિયમ શાસ્ત્ર પામ્યા છતાં પાપ કીધું, તેઓનો ન્યાય નિયમ શાસ્ત્રપ્રમાણે ઠરાવાશે" રૂમીઓને પત્ર. ૨. ૧૨. તેથી જો કાયદો બદલાવા હોત તો પ્રભુના શબ્દોમાં એટલેકે શાસ્ત્રમાં, તે ફેરફારની નોંધ માલુમ પડત; કારણકે આપણો ન્યાય માત્ર એજ કાયદાથી થવાનો છે.

પરંતુ જ્યારે, આવો કોઈપણ ફેરફાર પ્રભુના શબ્દોમાં માલુમ પડતો નથી, ત્યારે કેટલાક લોકોએ એવો વિચાર કર્યો છેકે, સાબ્બાથના ફેરફારનો પુરાવો ઈશુ અને તેના શિષ્યના દાખલાથી મળી શકશે. જોકે નવા અથવા તો જુના કરારમાં, સાબ્બાથના ફેરફારને માટે કોઈપણ આજ્ઞા નથી, તો પણ, એમ કહેવાય છે કે, ઈશુ અને તેના શિષ્યો, છુટ કારાની યાદગિરીમાં, રવિવાર પાળતા; અને આ વાતનો ખરેખરો પાળવો લાયક દિવસ છે એમ સાબીત કરેછે.

પરંતુ શુ ઈશુ અને તેના શિષ્યો રવિવાર પાલતા ? આપણે આ ધારણાંના પુરાવા માટે અપાયેલાં, કેટલાંક ધર્મ પુસ્તકો તપાસીશું; અને તેઓ શું સાબીત કરેછે તે જોઈશું.

છુટકારા પછી પહેલો મેળાપ.

"ત્યારે તેજ એટલે અઠવાડીઆને પહેલે દિવસે સાંજ પડયે શિષ્યો જ્યાં એકઠા થયા હતા, ત્યાંનાં બારણાં યાહુદીઓના ભયથી બંધ કીધાં હતાં ત્યારે ઈશુ આવ્યો ને વચમાં ઉભો રહીને તેઓને કહેછે કે, તમને શાંતિ થાઓ." યોહાન ૨૦. ૧૯.

આ પ્રમાણે ધારવામાં આવે છે કે, શિષ્યો ઈશુનાં, મરણમાંથી, પાછા જીવતા થવાની ખુશાલીમાં, રવિવાર અથવા તો સાબ્બાથ ઉજવવાંમાટે

એકઠા થયા હતા; ઇશુપણ તેઓની સાથે હતો; અને તેણે, શિષ્યોને આ પ્રમાણે કરવામાટે આશીર્વાદ આપ્યો. ચાલો આપણે આ વાત નીચે બીના સાથે મેળવીએ. પહેલું શિષ્યો, આવખતે, નવી સાબ્બાથ પાળવામાટે એકઠા થયા નહી હતા, પરંતુ "યાહુદીઓના ભયથી" બારણાંઓ બંધ કરીને પોતાનીજ રહેવાની જગ્યાએ એકઠા થયા હતા. યોહાન. ૨૦. ૧૯. કૃત્યો. ૧: ૧૨, ૧૩.

બીજું. શિષ્યો, આ વખતે, ઇશુની સજીવન થયાની ખુશાલી ઉજવવામાટે એકઠા થયા નહિ હતા: કારણકે ઇશુ જીવતો થયોછે, એમ તેઓ માનતા નહિ હતા. જોકે મેરીએ ઇશુને ભય હતો, પરંતુ તેણી ખબર તેઓએ માની નહિ. જુઓ માર્ક. ૧૬, ૯. ૧૧. શિષ્યોમાંના બેએ, ઈમોસ જતાં રસ્તામાં, ઇશુને જોયો હતો, તેઓ પાછા આવ્યા હતા, અને બીજા શિષ્યોને ખબર આપ્યા હતા, પરંતુ "તેઓએ તેમનું કહયું માન્યું નહિ". માર્ક ૧૬. ૧૩.

અને જ્યારે તેઓ આવિષે હજુ વાત કરતા હતા. એટલામાં, "ઇશુજ તેઓની વચ્ચે આવી ઉભો....................પરંતુ તેઓ ગભરાઈ ગયા, અને ભયભીત થઇ ગયા." લ્યુક. ૨૪: ૩૬, ૩૭. અને તેણે "તેઓના અવિશ્વાસ તથા હ્રદયની કઠણતાને લીધે તેઓને ઠપકો દીધો: કેમકે તે પાછો ઉઠ્યા પછી, જેઓએ તેને જોયા હતો, તેઓનું કહયું તેઓને માન્યું નહિ હતું." માર્ક. ૧૬. ૧૪,

આપણે ખાતરીપૂર્વક કહી શકીએ કે તેઓ ઇશુનાં ઉઠવાનો પ્રસંગ ઉજવવા અને તેના માનમાં રવિવાર પાળવા માટે એકઠા થયા નહી હતા. કારણકે, તેઓ, ઇશુ પાછો ઉઠયોછે. એમ માનતા નહતા.

ત્રોઆસમાં પોલ.



"પાઉલે મધરાત સુધી ભાષણ કીધું" "બીજે સવારે જવાને તૈયાર થયો"

"અને અઠવાડીયાના પહેલા દિવસે, અમે રોટલી ભાંગવાને એકઠા થયા હતા ત્યારે, પાઉલે, પોતે બીજે દિવસે નીકળવાનો હોવાથી, શિષ્યોની સાથે સંભાષણ કીધું અને મધરાત સુધી પોતાની વાત ચાલુ રાખી." કૃત્યો. ૨૦, ૭.

કેટલાક લોકોએ એમ ધાર્યુંછે કે, પોલે, પ્રભુનું ભાણું ઉજવવામાટે, આ એક લોકોની મોહોટી સભા કરી હતી; અને તે સભા, રવિવાર અથવા તો અઠવાડીયાના પહેલા દિવસે કરી હતી; જેથી કરીને, રવિવાર, નવો અથવા તો ખ્રિસ્તિ સાબ્બાથ છે એમ સાબીત થાયછે.

પરંતુ શું તે એમ છે? આ સભા રાત્રિની હતી. કારણકે "ત્યાં ઘણા દિવા" બળતા હતા અને પાઉલે "મધરાત સુધી ભાષણ કીધું"

કૃત્યો. ૨૦: ૭, ૮. અને આ રાત "અઠવાડીયાના પહેલા દિવસની હતી." કડી. ૭.

પ્રભુની દિવસ ગણવાની રીત, એક સાંજથી બીજી સાંજ સુધીની હતી. "અને સાંજ અને સવાર પહેલો દિવસ હતાં." ગલાતી. ૧: ૫. "સાંજથી ને બીજી સાંજ સુધી તમારે તમારો સાબ્બાથ પાળવો." લેવીદસુ. ૨૩: ૩૨

યાહુદિઓ. તેમજ ઈશુ અને તેના શિષ્યો, સૂર્યનાં આથમવાંને, એક દિવસની છેડા અને બીજા દિવસની શરૂવાત ગણતા હતા. "અને સાંજે સુરજ આથમ્યો ત્યારે તેઓ બધાં માંદાંઓને તથા ભૂત વળગેલાઓને તેની પાસે લાવ્યા." માર્ક. ૧: ૩૨. તેઓ સઘળાં, માંદાંઓને સાજાં કરવા તેડી લાવવા માટે સુરજ આથમવાને વખતે, સાબાથ પુરી થઈ રહે ત્યાં સુધી, થોભ્યા. ટ્રોઆસમાં સભા રાત્રે ભરવામાં આવી હતી, રવિવાર સવારની પહેલાં હતી, અને "સવાર સુધી ચાલી હતી," સવાર પડયે, રવિવાર સવારમાં, પોઉલ, એસોસ જવામાટે, પગ ઉપર ઓગણીશ માઈલ દુરની મુસાફરી ઉપર નિકળયો.

પોઉલે શું કર્યું તે નીચેનું ચિત્ર સમજાવશે.

અઠવાડીયાનો પહેલો દીવસ અથવા તો રવીવાર.

સાંજે અથવા અંધારા ભાગમાં,	સવારમાં અથવાતો તેજવા વાળાગમાં
પોલ આખી રાત ભાષણ કરેતો.	પોલ, પગન્દર આસોસ જવા નીકળયો..

"અને સાંજ.........અને સવાર, પહેલો દિવસ હતાં" ગલાતી, ૧. ૫

ટ્રોઆસમાં પોઉલની સભા, માત્ર સગવડતેજ માટે હતી, અને નહિકે તે સાબ્બાથની દિવસ હતો માટે, એ બાત સમજવી ઘણીજ સહેલી છે. કારણંકે, જ્યારે રવિવારની સવાર પડી ત્યારે તેણે લોકોને સલામ કરી

અને આસોસની લાંબી મુસાફરી ઉપર નિકળી પડયો. અહીઆં તેને, એક વહાણ કે જે, તે જ્યારે ધર્મનો બોધ કરતો હતો ત્યારે આમ તેમ પાણીમાં ફરતુ હતું, તે મળયુ. જુવો. કૃત્યો ૨૦: ૧૩. ૧૪.

કોરીન્થમાં એકઠા થવું.

"અઠવાડીયાંને પહેલે દિવસે તમારામાના પ્રત્યેકે પોતાની કમાણી પ્રમાણે રાખી મુકવું, એ માટે કે હું આવું ત્યારે ઉઘરાણાં ન થાય." કરીંથીઓને પહેલો પત્ર. ૧૬. ૨.

સૂચનાઃ—હાલની મધ્ય રાતે દીવસ શીરૂ થવાની રીત પ્રભુની રીત નથી. પ્રભુની, એક દિવસ પુરો થવાની, અને બીજો દહાડો શીરૂ થવાની, રીત જ્યારે સૂર્ય આથમેછે એવખત ઉપર આધાર રાખેછે. માણસો, આકાશમાં તેની કોઈપણ નિશાની જોયા વગર, તે મધ્ય રાત્રિએ બદલાવ્યું છે. શું માણસોએ, પ્રભુએ જે ક્રમ સ્થાપ્યો તે સુધાર્યોછે? જ્યારે આપણે પ્રભુની રીતો સુધારવા કોશીસ કરીએ છીએ ત્યારે આપણે ભૂલ કરીએ છીએ. આપણે એટલું જોવું. જોઈએકે, આપણે ઈશ્વરની યુકિતઓની વિરૂધ્ધ કામ કરતા નથી. "પ્રભુના શબ્દોમાં તરે ઉમેરો કરવો નહી; રખેને તો ટતને પકો આપરો, અને તુ જુઠા બોલી ઠરીશ."

એમ કહેવામાં આવ્યું છે કે પોઉલ, આહીઆં એટલેકે કોરીન્થમાં, રવિવાર અથવા તો અઠવાડિયાના પહેલા દિવસે, ગામના લોકોને એકઠા કરવાને માટે, દેવળ ઉપર સત્તા ચલાવેછે. અને જો તે એ પ્રમાણે હોય તો આ દિવસ તેઓએ સાબ્બાથ તરીકે પાળયો હોય તેમ ગણી શકાય. પરંતુ શાસ્ત્રના શબ્દો, શંકા વગર એમ સાબીત કરી આપેછે કે, અહીઆં પોઉલ, ગામના લોકોને એકઠા કરવાનું કાંઈપણ બોલતો નથી.

તે કયાં એકઠું કરવાનું હતું? "તેને તમારા ખજાનામાં એકઠું કરો" દરેક માણસને, અઠવાડિયાને પહેલે દિવસે, કોઈ એક જગ્યા આપવાની

"ઈશ્વરના દિવસે"

હતી, કે જ્યાં તે, પ્રભુના કામને માટે, અઠવાડિયાનું દાન મુકી રાખે અથવા તો એક હું કરે આકડીના બીજા ઘણા તરજુમાઓ એવો અર્થ આપેછે કે, દરેક માણસ કંઇકપણ ".પોતાની મેળે, પોતાને ઘેરજ" એકઠું કરે. તેથી કરીને આ કોઈ ગામના લોકોનું એકઠા થવું ગણી શકાય નહિ.

"હું ઈશ્વરના દિવસે આનંદમાં હતો" રવે. ૧: ૧૦ એમ ધારવામાં આવે છે કે, શાસ્ત્રમાં "ઈશ્વરનો દિવસ" રવિવાર હતો, તેથી કરીને રવિવાર સાબ્બાથ હશે. પરંતુ આ ધારણા સાબીત કરવી જોઇએ. પ્રભુનો દિવસ કયો છે ? " પરંતુ સાત મો દિવસ એ પ્રભુનો સાબ્બાથનો દિવસ છે."

"જેતું સાબ્બાથ પરથી, મારા પવિત્ર દિવસે પોતાની મરજી કરવાથી. પોતાના પગ પાછા ફેરવીશ, ને સાબ્બાથને આનંદકારક પરોવાના પવિત્ર દિવસને માનવંત કહીશ, ને પોતાના માર્ગોમાં નહિ ચાલતાં, તથા પોતાની મરજી મુજબ નહિ કરતાં, તથા ઝપ નહિ મારતાં, તેને માન આપીશ." જુંવો યશાયાહ. ૫૮: ૧૩ "માટે માણુસની દિકરો, વિશ્રામ વારનો પણ પ્રભુ છે." માર્ક. ૨: ૨૮. ઈશુ, સાબ્બાથનો પણ કેમ પ્રભુછે ? કારણકે તેણે એ બનાવીછે. "તેનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કોઈ થયુંછે, તે એના વગર ઉત્પન્ન થયું નહિ. તે જગતમાં હતો; અને જગત તેનાથી ઉત્પન્ન થયું હતું" યોહાન. ૧: ૩, ૧૦.

જેથી દુનીયા પેદા થઈ તે ઈશુના શબ્દોજ હતા. અને તે ઈશુજ હતો, જેણે કહયુ કે "કારણકે છ દિવસની અંદર, પ્રભુએ, આકાશ અને પૃથ્વી, સમુદ્ર અને સઘળી ચીજો કેજે તેમાં છે, તે બનાવી, અને સાતમે દિવસે વિશ્રામ લીધો; જેથી કરીને, પ્રભુએ સાબ્બાથને આશીર્વાદ આપ્યો, અને માન આપ્યું." એકસ. ૨૦. ૧૧.

ઈશુએ પૃથ્વી છ દિવસમાં બનાવી. અને સાતમે દિવસે, જેણે વિશ્રામ લીધો તે પણ ઈશુ હતો. જેણે સેબાથને આશીર્વાદ તથા પન આપ્યું, તે પણ ઈશુજ હતો. અને આ કારણોને માટે તે " સાબ્બાથનો પણ પ્રભુ કહેવાય છે." શાસ્ત્રમાં કોઈપણ જગ્યાએ, "ઈશ્વરનો દિવસ" એવી આજ્ઞાને માટે સાબ્બાથ સિવાય બીજો એકે દિવસ નથી. આ આપણને, શાસ્ત્ર બરોબર સાબીત કરી આપેછેકે, ચાહવાલાયક શિષ્યોએ, ઘણો દુર, પેટમોસના ટાપુ ઉપર, દિવસ કેજે ઈશ્વરે, દુનીઆ પેદા કરતી બન્ને ઉત્પન્ન કર્યો, અને જે પ્રભુએ પોતાનોજ દિવસ કહયોછે, તે પાળયો તથા પૂજ્યો.

નવો કરાર. સાતમા દિવસને માટે દાખલો.

હવે આપણે, કેટલાંક પુસ્તકો કે જે, કેટલીક વખતે એમ સાબીત કરે છેકે, ઈશુના ઉઠવા પછી, તેણે તથા શિષ્યો એ સાબ્બાથ રવિવારે પાળી, તેનો બરોબર ધ્યાનપુર્વક વિચાર કર્યોછે. પરીણામમાં આપણને માલુમ પડયુંછે કે, તેઓ બીલકુલ આ સાબીત કરતાં નથી. આ ઉપરાંત આપણને એ પુસ્તકોમાંથી. એમ મળી આવેછેકે, રવિવારની ગણના પણ, નિયમીત કામ કરવાના બીજા છ દિવસો સાથે કરવામાં આવીછે.

હવે આપણે, કેટલાંક બીજાં ધર્મ પુસ્તકો તપાસીસું, જેથી કરીને ઈશુંની અને શિષ્યોની ખરી રીત શુંહતી, તે આપણને ખબર પડે. આમાટે જાણવું, એ આપણે માટે પૂરૂં જરૂરતું છે; કારણકે માત્ર તેનાંજ પગલામાં ચાલવાથી, અને તેણે જે કર્યું તેજ કરવાથી આપણે બચી શકીશું.

"તેના રિવાજ મુજબ."

" અને નેઝરેથ, જ્યાં ઉછર્યો હતો ત્યાં તે આવ્યો, ને પોતાની રીત પ્રમાણે, તે વિશ્રામવારે સભા સ્થાનમાં ગયો, અને વાંચવા સારૂ તે

ઉભો થયો." લ્યુક ૪. ૧૬ "અને તે ગાલીલનાં કાપરનાહુમ શહરમાં આવ્યો, ને વિશ્રામવારે તેઓને બોધ કરતો હતો." લ્યુક ૪-૩૧.

જ્યારે જ્યારે ઈશુ, સભાસ્થાનમાં જતો ત્યારે, લોકોને ધર્મનો ઉપદેશ કરવાની તેની રીત હતી.

તે હમેશાં, પ્રભુનો કાયદો બરાબર જાળવી રાખતો હતો, અને તેની જીંદગી અને બોધ બન્નેથી સાબીત કરી આપ્યું કે, કેટલી પવિત્રતાથી તે તે કાયદાઓને પાળતો હતો.



ઈશાએ, જ્યારે ઈશુનું ભવિષ્ય ભાખ્યું ત્યારે તેણે કહી બતાવ્યું કે, "તે કાયદાને મ્હોટો બનાવશે, અને તેને માન આપવાની લાયક કરશે." ઈસા ૪૨: ૨૧. મ્હોટું કરી બતાવવું એટલે, તેને મ્હોટા તથા વિશાળ કરવું, અને આગળ હોય તેના કરતાં સારી પાયરીએ ચઢાવવું. ઈશુ કેટલી બધી વખત આ પ્રમાણે કર્યું, તેના ઘણા દાખલા આપણી પાસે છે. સાબ્બાથના દિવસે તે માંદાને સાજા કરતો, આંધળાંને દેખતા

કરતો, લુલાંને પગ આપતો, અને ઘણા દુઃખી માણસોને, દયાનાં ધનાં નવાઈ જેવાં કામો કરતો.

આ યાહુદી લોકોની વાતથી તદ્દન વિરૂધ હતું. તેઓ ઇશુને સાબ્બાથ તોડવાનો આરોપી ગણતા હતા. તેણે જબાબ આપ્યોકે "એમાટે વિશ્રામવારે સારૂં કરવું ઉચીતછે. મેથ્યુ. ૧૨; ૧૨. આ જબાબમાં ઇશુએ તેઓને પાછા પાડયા અને સેબાથના કાયદાને ઉચે ચડાવ્યો.

"વાજવી એટલે કાયદાને લાગતુ" તેથી કરીને આવાં દયાવાળાં કામ કરવામાં તેણે જે કાયદો એમ કહેછેકે સાબ્બાથનો દિવસ પવિત્ર કરવાનું યાદ રાખો" તેને બરોબર માન બતાવ્યું. ઇશુએ બીજીએ દશ આજ્ઞાને શીરીતે મોટી કરી તેને માટે વાંચો મેથ્યું. ૧૫: ૨૯. ૫: ૨૧, ૨૨, ૫: ૨૭. ૨૮ વગેરે.

ડેવિડ ઇશુને માટે પોતાની ભવિષ્યવાણીમાં કહેછેકે "હે પ્રભુ તારી ઇચ્છા પ્રમાણે વલવાને ઘણો આનંદી છું. તારો કાયદો મારા અંતઃકરણમાં છે." પ.સ. ૪૦: ૨, ૮. અને યોહાન ૧૫. ૧૦. ઇશુ કહેછેકે કેવિરીતે તેણે આ ભવિષ્ય વાણી ફરીકરી અને તે વધારે કહેછેકે "મે મારા બાપની આજ્ઞા પાળીછે-અને કોઇપણ માણશ એમ માનતા હોય કે અથવા એમ શીખવતો હોય કે ઇશુ કાયદો કાહી નાખતોને માટે આવ્યો હતો તેને અટકાવવાને માટે તે કહેછેકે "નિયમશાસ્ત્ર અથવા ભવિષ્યવાદિઓની વાતોનો હું નાશ કરવા આવ્યોછે એમ નમાનો. હું નાશ કરવા નહી પણ પુર્ણ કરવા આવ્યો છુ-મેથ્યુ ૫: ૧૭. જેઇસ ૨. ૮ આપણને એમ શિખાવેછેકે આ કાયદા પુરો કરવો એટલે તે પાળવો.

તેથી કરીને ઇશુ પ્રભુનો કાયદોનો માટે કાઢી નાખવાને આવ્યો હતો પણ તે પાળવાને માટે આવ્યો હતો. તે પૃથ્વી ઉપર જીવ્યો અને આપણે અડ દાખલો મુકના ગયોકે "આપણે તેને પગલે પગલે ચાલવું. પીટર ૧, ૨. ૨૧ ઇશુ શાવાસ્તે પ્રભુના કાયદા પાળવામાટે, આપણે તેની જીંદગી અને તેના શિખવવા ઉપરથી જાણીએ છીએ તે પ્રમાણે ખાત્રીવાળો હતો ? કારણકે આપને માટે અડસારો દાખલો મૂકી જવાને.

ઇશુએ કેટલો બધો નિયમીત રીતે અને કેટલી બધી પુરી રીતે પ્રભુનો કાયદો પાળયો તે બતાવવાને તેણે કહયું કે " કેમકે હું તમને કહયું છે કે, આકાશ તથા પૃથ્વી જતાં રહે ત્યાં સુધી સઘળાં પૂરાં થયાં વગર નિયમશાસ્ત્રમાંથી એક કાનો અથવા માત્ર જીતી રહેશે નહિ· મેથ્યું. ૫ઃ ૧૮.

જો કોઇ માણુસ નિયમશાસ્ત્રના કોઇપણ ભાગનું ઉલ્લંઘન કરે તેને માટે ચેતવણી આપેછેકે "એમાટે સૌથી નાની આજ્ઞા માની એકને કોઈ તોડશે અને માણુસોને એવું શિખવશે, તોતે આકાશનાં રાજ્યમાં સૌથી નાનો કહેવાશે; પણ જો કોઈ તે પાળશે અથવા શીખવશે·તોતે આકાશનાં રાજ્યમાં મોટો કહેવાશે. મેથ્યુ ૫ઃ ૧૯.

જો કોઇ માણુસ એમ ધારતો હાપડ આપણે નિયમ શાસ્ત્રની·આજ્ઞાઓ બરોબર પાળશું અને સેબ્બાથને માટે થોડું ધ્યાન આપશુ તો પ્રભુ આપણુને જબાબદાર ગણુશે નહી તો તેમને શિષ્યના શબ્દોના ઉપર ધ્યાન આપવા દો." જો કોઇ આખું નિયમશાસ્ત્ર પાળે અને તેનું એક પણુ અંશ છોડી દે તો આખું છોડી દેવાનો ગુનેગાર બનેછે. જેદમશ. ૨. ૧૦

ખ્રિસ્તીઓની ૪૦) વર્ષની પ્રાર્થના.

પણ તમારૂં વાસવું શિયાળામાંકે વિશ્રામવારમાં નથાય માટે પ્રાર્થના કરો. મેથ્થ્યુ ૨૪: ૨૦

આ. ઈશુ અને તેના અનુયાયીઓનુ ભાગ્ય ? કે જે જેરસલેમમા થી તે શહરના નાશ પહેલાં થવાનું હતું તેને લાગતુંછે. ઈશુના સ્વર્ગ જવાપછી લગભગ ૪૦) વર્ષ સુધી આ થયું નહિ. તેથી કરીને ઈશુએ તેના શિષ્યોને છોડી આપ્યા ત્યારપછી ચાલીશ વર્ષ સુધી તેના અનુયાયી એ હમેશાં પ્રાર્થના કરતાકે જેરૂસલેમમાંથી સાબ્બાથને દિવસે તેઓને ભાગવું નપડે કે જેથી તેમના સાબ્બાથના દિવસનો ભંગ થાય.

કયો દિવસ સાતમો અથવા સાબ્બાથ છે.

"અને વિશ્રામને આખરે અઠવાડીઆને પહેલે દિવસે પોહ ફાટવા લાગ્યો ત્યારે મરીયમ માગદાલેણ તથા બીજી મરીયમ કબરને જોવા આવી" મેથ્થ્યુ. ૨૮: ૧

આ ઉપરથી આપણે જોઇએ છીએકે જ્યારે અઠવાડીઆનો પહેલો દિવસ શરૂ થયો ત્યારે સાબ્બાથનો દિવસ પૂરો થયો હતો. નિચેના કેટલાક સવાલો ઉપર ધ્યાન રાખો.

તમે રવિવાર પાળોછો ?—કારણકે ઈશુ તે દિવસે મરણમાંથી ઉઠયો.

કયે દિવસે ઈશુ મરણમાંથી ઉઠયો?—"હવે અઠવાડીઆના પહેલા. દાડાના પ્રભાતે તેપાછો ઉઠીને મરીયમ માગદાલેણ જેમાંથી તેણે સાત ભૂતે કાઢ્યાં હતાં તેને તે પહેલાં દેખાયાના. માર્ક ૧૯. ૯ મેથ્થ્યુ. ૨૮, ૧૬: માર્ક ૧૬: ૧૨. તેપણ જુઓ—

રવિવાર કયો દિવસ છે ?—અઠવાડીઆનો પહેલો દિવસ. આસ્ત્રિયાએ શું કર્યું ?—" અને તેઓએ પાછી આવીને સુગંધ તથા અતર સિદ્ધ કર્યાં અને આજ્ઞા પ્રમાણે વિશ્રામવારે તેઓએ વિશ્રામ લીધો. લ્યુક. ૨૬. તેઓએ શુદ્ધવો સુગંધી તથા અત્તર તયાર કર્યાં, સાબ્બાથને દિવસે વિશ્રામ લીધો રવિવારના પ્રભાતમાં તેઓ પ્રભુની કબરપાસે આવ્યો. લ્યુક. ૨૪:૧

આજ્ઞા શું કહેછે ?— "તારે ૬ દીવસ સુધી શ્રમ લેવો અને તારૂં સઘળું કામ કરવું. પણ સાતમો દિવસએ તારા પ્રભુનો સાબ્બાથનો દિવસ છે." એકસ ૨૦: ૯, ૧૦,

ત્યારે કયો દિવસ આજ્ઞામાં સાબ્બાથનો છે ?—સાતમો દિવસ અથવા તો શનિવાર.

નવા કરારમાં સાબ્બાથ શબ્દ.

અઠવાડિયાના સાબ્બાથ, નવા કરાર પ્રમાણે હમેશાં, અઠવાડીયાનો સાતમો દહાડો, અથવા તો શનિવારનો અર્થ બતાવેછે.

ઇશુ, કબરમાંથી રવિવારે ઉઠયા; અને આ વાત, રવિવાર સેબાથ તરીકે પાળવાના કારણ તરીકે આપવામાં આવશે. પરંતુ ઇશુના ઉઠવા પછી દશ વર્ષે માર્ક, રવિવારને માત્ર અઠવાડીયાનો પહેલો દિવસજ કરયો છે. જુવો માર્ક ૧૬:૯. તેણે તેને સાબ્બાથ કહી નહિ.

મેથ્યુ એમ કહે છે કે ઈશુ "અઠવાડિયાને પહેલે દિવસે ઉઠયો" અને કે "સેબાથના" પુરાં થવા, પછી પહેલો દિવસ શીરૂ થયો. મેથ્યુ ૨૮:૧. તેથી મેથ્યુ, કે જેણે, ઇશુના ઉઠવા, પછી ૭ વર્ષે લખ્યું, તે શાબ્બાથની અંદર, કોઇપણ ફેરફાર થયાનું લખતો નથી. તે સાતમા દિવસને સાબ્બાથ કહે છે.

લ્યુક પોતાનો ગ્રંથ, ઇશુ, સ્વર્ગમાં ગયો ત્યારે પછી અઠયાવીશ, વર્ષે લખ્યો. તેના ઇશુના ઉઠવાના સંબંધમાં, તે કહેછે કે સ્ત્રીઓ "અને તેઓએ પાછી આવીને સુગંધી તથા અત્તર સિદ્ધ કર્યાં, પણ અઠવાડીયાને પહેલે દહાડે પ્રભાતે, જે સુગંધિઓ તેઓએ સિદ્ધ કરી હતી, તે લઇને તેઓ કબરે આવી." લ્યુક ૨૩. ૫૬ ૨૪. ૧. અહીઆ લ્યુક અઠયાવીશ વર્ષ પછી પણ, તે સાતમાં દિવસને સાબ્બાથ અને રવિવારને અઠવાડીયાનો પહેલો દિવસ કહેછે. તે ખરેખર રવિવારને પવિત્ર દિવસ ગણતો નહિ.

યોહાનનો ઉપદેશ, ઇશુના ઉઠયા પછી ત્રેસઠ વર્ષે લખાયો હતો, તેમ છતાં પણ તે રવિવાર, કે જે, ઇશુનો ઉઠવાનો દિવસ હતો તેને "અઠવાડીઆનો પહલો દિવસ કહેછે" યોહાન ૨૦-૧. તે રવિવારને નિયમિત કામ કરવાનો દિવસ કહેછે અને તેને સાબ્બાથ કહેતો નથી.

યાહુદિઓ હમેશાં, પ્રાર્થનાને માટે, શનીવાર અથવા તો અઠવાડીયાને સાતમે દિવસે, તેમનાં સભાસ્થાનની અંદર એકઠા થતા હતા. કૃત્યોની ચોપડીમા, આપણે ઘણી વખત કહેવામાં આવ્યા છીએ કે, પોઉલપણ તેઓની સાથે આવતો હતો. પોઉલ તેઓનીં સાથે બે વખત એન્ટીઓકમાં, ત્રણ વખત થેસાલોનીકામાં, એક વખત ફીલીપીમાં, અને કેટલાક વખત સુધી નિયમિત રીતે કોરીન્થમાં મળયો હતો. અને દરેક બાબતમાં આને સાબ્બાથ કહેવામાં આવે છે. કૃત્યોનીં ચોપડી, ઇશુના ઉઠવા પછી, આડત્રિસ વર્ષ પછી લખવામાં આવી હતી.

જ્યારે કોન્સ્ટનટાઇને પોતાનો પ્રખ્યાત હુકમ બહાર પાડયો, કે જે ઇશુ પછી ત્રણસો વર્ષે થયો હતો, તે એવો હતો કે, શહેરોમાં અને ગામડાંઓમાં, દરેક માણસે અઠવાડીયાના પહેલા દિવસે વિશ્રામ લેવો.

તેણે આને સાબ્બાથ નામ આપ્યું નહિ હતું; પરંતુ, "સૂર્યનો પૂજનીય દિવસ" નામ આપ્યું હતું. આ ગામડીઆ ઉત્સવથી "રવિવાર" એ નામ પેદા થયું છે.

"રવિવાર" સાબ્બાથ તરીકે, લગભગ ઈશુ પછી, એક હજાર અને પાંચસો વર્ષ પછી કહેવા લાગ્યો.

અને જુના ઘરમાં રાખવામાં શાસ્ત્રામાં શનિવાર, "સાતમો દિવસ" અથવા તો સાબ્બાથ કહેવાય છે.

નીચેનો કોઠો શાસ્ત્ર પ્રમાણે, બરોબર દિવસની ગણના આપે છે.

૧ લો અઠવાડિયાનો દિવસ.			...	...	રવિવાર
૨ જો	,,	,,	...	...	સોમવાર
૩ જો	,,	,,	...	...	મંગળવાર
૪ થો	,,	,,	...	...	બુધવાર
૫ મો	,,	,,	...	...	ગુરૂવાર
૬ ઠ્ઠો	,,	,,	...	...	શુક્રવાર
૭ મો	,,	,,	...	...	શનિવાર

તેથી, બરાબર વખતે જ્યારે, આપણાં, ઘરમાં રાખવાનાં શાસ્ત્રો છપાયાં ત્યાર પહેલાં લગભગ એકસો વર્ષ અગાઉ, એમ કબુલ રાખવામાં આવ્યું છે કે, શનિવાર ખરેખર સાબ્બાથ, અથવા અઠવાડીયાંનો સાતમો દિવસ છે.

પોઉલની રીતપ્રમાણે.

"ન । પોઉલ, પોતાની રીત પ્રમાણે, તેઓની સભામાં ગયો, ને ત્રણ શ્રામવાર, ધર્મલેખ ઉપરથી તેઓની સાથે વાદવિવાદ કીધો"

ફે ૭:૨

અહીંઆં આપણને એમ કહેવામાં આવ્યું છે કે, પોઉલની, અથવા તો રૂઢી સાબ્બાથને દિવસે પ્રભુના શબ્દોનો ઉપદેશ ક હતી. અને એન્ટીઓકમાં, પોઉલ, યાહુદીઓને તેમજ વિદેશી સાબ્બાથ ઉપર બોધ કરતો હતો. જુવો, કૃત્યો ૧૩:૧૪. જ્યાં પૂરૂં થયું ત્યારે, વિદેશીઓએ, પોઉલને, બીજી સબાથેપણ, એજ ઉપર ઉપદેશ કરવા કહ્યું. કડી. ૪૨. આ એમ સાબીત કરે વિદેશીઓને બીજી સાબ્બાથ હતી નહી. અને બીજી સાબ્બાથે. લ આખું ગામ પોઉલનું ભાષણ સાંભળવા માટે આવ્યું. કડી. ૪૪.

ફીલીપીમાં પોઉલ. લોકોને સાબ્બાથને દિવસે મળ્યો અને ત્યા તેઓને પણ તેજ વિષય ઉપર ઉપદેશ કર્યો.

કોરીન્થમા પોઉલ.



અઠવાડીયાની અંદર પોતાને ધંધે કામ કર્યું — **દરેક સાબ્બાથને દીવસે ધર્મનો ઉપદેશ કર્યો**

અને તેઓના જેવોજ ધંધો તે કરતો હતો, માટે તેને તેર ઘેર રહ્યો, ને તેઓ સાથે કામ કરતા હતા; કારણ કે તેઓનો ધ ખું